Extra No. 88

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] **THURSDAY, APRIL 2, 2026 / CHAITRA 12, 1948**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી એપ્રિલ, ૨૦૨૬

તારીખઃ ૨જી એપ્રિલ, ૨૦૨૬ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૨૦૨૬ના ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૮નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

પરિમલ જોષી,

સરકારના આસિસ્ટન્ટ ડ્રાફ્ટ્સમેન.

GUJARAT ACT NO. 8 OF 2026.

THE GUJARAT EDUCATIONAL INSTITUTIONS SERVICES TRIBUNAL (AMENDMENT) ACT, 2026.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજ્યપાલે સન ૨૦૨૬ના માર્ચ મહિનાની ૨૭-મી તારીખે અનુમતિ આપી હોવાથી, તે, આથી, સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કરવામાં આવે છે

કે. એમ. લાલા,

ગુજરાત સરકારના સચિવ,

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

GUJARAT ACT NO. 8 OF 2026.

AN ACT

further to amend the Gujarat Educational Institutions Services Tribunal Act, 2006.

સન ૨૦૨૬નો ગુજરાત અધિનિયમ ક્રમાંક: ૮.

(રાજ્યપાલની અનુમતિ મળ્યા પછી, સન ૨૦૨૬ના એપ્રિલ મહિનાની ૨જી તારીખે "ગુજરાત સરકારી રાજપત્ર"માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિદ્ધ કરેલો.)

ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ અધિનિયમ, ૨૦૦૬ વધુ સુધારવા બાબત અધિનિયમ.

આથી, ભારતના ગણરાજ્યના સિત્તોતેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ-

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ (સુધારા) અધિનિયમ, ૨૦૨૬ કહેવાશે.

(૨) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

સન ૨૦૧૩નો ગુજરાતનો ૨૦મો.

સન ૨૦૧૩ના ગુજરાતના ૨૦મા અધિનિયમની કલમ ૨ નો સુધારો.

૨. ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ અધિનિયમ, ૨૦૦૬ (જેનો આમાં હવે પછી, ''મુખ્ય અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૨ માં, ખંડ (ત) માં, નીચેનો પરંતુક ઉમેરવો:-

''પરંતુ રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, અનુસૂચિ ૧માં નિર્દિષ્ટ કરેલા રાજ્ય વિધાનમંડળના કોઈ અધિનિયમને બાકાત કરી શકશે.''.

સન ૨૦૧૩ના ગુજરાતના ૨૦મા અધિનિયમની અનુસૂચિ ૧ નો સુધારો.

૩. મુખ્ય અધિનિયમમાં, અનુસૂચિ ૧ માં,-

(૧) અનુક્રમાંક ૧ થી ૯ પરની નોંધો કમી કરવી;

(૨) અનુક્રમાંક ૧૪ પરની નોંધ પછી, નીચેની નોંધ ઉમેરવી:-

અનુક્રમાંક	રાજ્ય વિધાનમંડળનો અધિનિયમ	અધિનિયમનો ક્રમાંક અને વર્ષ
(૧)	(૨)	(૩)
''૧૫.	ગુજરાત પબ્લિક યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૨૩.	સન ૨૦૨૩નો ગુજરાતનો ૧૫ મો.''.

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.05.06 18:49:29 IST